| | |
|---|---|
| દાખલ તારીખ | 15/11/2025 |
| રજીસ્ટર તારીખ | 15/11/2025 |
| ફેસલ તારીખ | 31/07/2026 |
| સમય ગાળો | વર્ષ : માસ : દિવસ. |

**ઝાલોદના મહે.સેકન્ડ એડી.સીની.સીવીલ અને એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ઝાલોદ.**

| | |
|---|---|
| ક્રિ.કેસ નં. ૪૩૯૩/૨૦૨૫ | |
| આંક– | |

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | : | શ્રી સરકાર |

**વિરૂધ્ધ...**

| | | |
|---|---|---|
| **આરોપી** | : | ભાવસીંગભાઈ તેરસીંગભાઈ અમલીયાર<br>રહે.ચાકલીયા ગુન્દી તા.ઝાલોદ. |

| | | |
|---|---|---|
| **બાબત** | : | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ – ૬૫ એ.એ.મુજબ. |

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે | : | એ.પી.પી.શ્રી ડી.એમ.પ્રજાપતિ. |
| બચાવપક્ષે | : | વિ.વકીલ શ્રી બી.સી.વસૈયા |

**::ઠરાવ::**

(૧)..આ કામે ફરીયાદ પક્ષના કેસ ની હકિકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામા ગે.કા. રીતે પોતાના ઘરે દેશી દારૂ લી.04, કિં.800/– નો પ્રોહી મુદૃામાલ રાખી ગુન્હો કરેલ હોય તે મુજબની ફરીયાદ આપતા સદર ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

(૨).. સદર કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ થતાં અત્રેની કોર્ટ દવારા આરોપીને સમન્સ કરતા અને આરોપીને સમન્સની બજવણી બાદ આરોપી હાજર થતા

આરોપીને ક્રિ.પો.કોડની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક–03 થી તહોમતનામું ફરમાવી આંક–04 થી પ્લી નોંધેલ છે.ત્યારબાદ આ કામ ફરીયાદ પક્ષનો પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૩).. ફરીયાદપક્ષ ધ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

(૦૧) પંચસાહેદ રાકેશભાઈ વાલીયાભાઈ ડામોર આંક –૦૫

(૦૨) પંચસાહેદ નાનેશભાઈ વાલાભાઈ ડામોર આંક –૦૭

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

(૦૧) પંચનામું આંક–૦૬

(૪).. ત્યારબાદ આ કામે વધુ પુરાવો જણાતો ન હોય ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને આરોપીનું ક્રી.પ્રો.કો. ક.૩૧૩ અન્વયે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતો ન હોય જેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી ત્યારબાદ ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫).. ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ તમામ પુરાવો ધ્યાને લેતા આરોપીના કબજામાંથી ભારતીય બનાવટનો દેશી દારૂ મળી આવેલ છે અને એ રીતે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીને ધોરણસર સજા કરવા અરજ કરલ છે.

બચાવપક્ષે વિ.વકીલશ્રીની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે ફરીયાદીપક્ષ પોતાનો કેસ નિશંકપણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ છે. આ કામે મહત્વના પં ચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા પંચનામાંની હકીકતને સમર્થન આપેલ નથી તેમજ આ કામે તપાસ કરનારનો પુરાવો ધ્યાને લેતા કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લેવામાં આવેલ

નથી કે સોગંદ પર તપાસવામાં આવેલ નથી. વધુમાં રેઈડવાળી જગ્યા કોની માલીકીની છે તે અંગે કોઈ આધાર મેળવેલ નહી હોવાનું કબુલ રાખેલ છે અને એ રીતે ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર આરોપી વિરુધ્ધ સાબીત કરવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ હોય જેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૬)..હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે :-

**-: <u>મુદ્દા</u> :-**

:: ૧ :: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામા ગે.કા. રીતે પોતાના ઘરે દેશી દારૂ લી.04, કિં.800/- નો પ્રોહી મુદ્દામાલ રાખી ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ - ૬૫ એ.એ. મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

:: ૨ :: શું હુકમ ?

(૭).. ઉપરોકત મુદ્દા અંગે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

:: ૧ :: નકારમાં

:: ૨ :: આખરી હુકમ મુજબ

(૮).. ઉપરોકત મુદ્દાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં.૧:</u>**

(૮.૧).. ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '' પુરાવાનું મુલ્યાંકન '' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ-૩ માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિત દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી ર્કાવાહીમાં નથી હોતી. ફોજદારી

કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકત નું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૮.૨).. ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની ઉભયપક્ષે દલીલોનાં સંદર્ભમાં વિચારણા કરવામાં આવે તો, આ કામે રેકર્ડ પરના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા હાલના કેસમાં આરોપી સામેનો ગુનાનો આક્ષેપ ધ્યાને લેતા આરોપીના કબજામાંથી દેશી દારૂ મળી આવેલ હોવાનો છે. આ કામ રેકર્ડ પર નો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષે ફરીયાદપક્ષે પંચસાહેદ રાકેશભાઈ વાલીયા ભાઈ ડામોર ને આંક-૦૫ થી તથા પંચસાહેદ નાનેશભાઈ વાલાભાઈ ડામોર આંક-૦૭ થી તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનું મુલ્યાંકન કરતા આંક-૦૬ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદર પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલ જાહેર કરી સદર સાહેદની ઉલટતપાસ કરવા સારૂ પરવાનગી માંગતા સદર સાહેદની ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૯).. આ અદાલત સમક્ષ રજુ થયેલ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરતા આ કામે ફરીયાદપક્ષ દવારા પોતાના પુરાવામાં આ કામના આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરેલ હોય તેવી કોઈ હકીકત અંગે સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી તેમજ હાલના કામે તપાસવામા આવેલ પંચસાહેદ કે જેઓ બનાવ સમયે તેમની હાજરીમા કોઈ પંચનામું કરેલ હોય કે દારૂ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નહી હોવાનું જણાવેલ આમ, આ કામે મહત્વના

એવા પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આંક-૦૬ ના પંચનામાંની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી કહેવાતો મુદામાલ પંચોની હાજરીમાં પંચનામું કરી પંચોના લખાવ્યા મુજબ પંચનામું કરવામાં આવેલ હોય તેવું પુરવાર થતું નથી. જેથી માત્ર ફરીયાદીની ફરીયાદ તથા પોલીસ સાહેદના પુરાવા પર આધાર રાખી સદર આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તેમ ફલીત થતુ નથી.

(૧૦).. આમ રેકર્ડ પર ના સમગ્ર પુરાવા નું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ આરોપી સામે નો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકે નહી હોવાનું આ અદાલત માને છે અને મુદ્દા નં.૧ નો નિર્ણય આથી નકારમાં આપવામાં આવે છે અને મુદા નં.૨ પરત્વે નો આખરી નિર્ણય નીચે મુજબ છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ-૬૫ એ.એ. મુજબ હેઠળના શિક્ષાપાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ - ૨૪૮ (૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામ કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો. કોડ ની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઝાલોદ.
તારીખ : **31/07/2025**

( નેહારીકા રાઘવ )
સેકન્ડ એડી.ચીફ જયુડી.,ઝાલોદ.
કોડ નં.જી.જે.૦૧૩૮૪